ગાંધીનગર સમાચાર

કેનાલમાં આપઘાત કરવા આવેલા વિદ્યાર્થી અને મહિલાને બચાવી લેવાયા

## @ગાંધીનગર

● રાજય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા બુધવારે રોજ સવારે ૧૦.૦૦ કલાકે સેકટર-૧૪ મહાત્મા મંદિર ખાતે શિક્ષણ વિભાગની કાર્યશિબિર યોજાશે.

● નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફેશન ટેકનોલોજી - નિફ્ટ કૉલેજ ખાતે સાંજે ૬.૦૦ કલાકે ફેશન શૉ- ઈમ્પલ્સ-૨૦૧૬ યોજાશે.

## શબ્દાયન સંસ્થાનું બીજું જ્ઞાનસજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગુરુબ્રાહ્મણ સમાજના સાહિત્ય સંગીત - કલાદિના સર્જકો તથા ભાવકોની સંસ્થા 'શબ્દાયન'નું દ્વિતીય જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૮ અને ૨૯ મે ના રોજ ખેડા જિલ્લાના અંબાવ મુકામે આવેલા ઘનશ્યામ શૈક્ષણિક સંકુલ ખાતે દ્વિતીય જ્ઞાનસત્ર યોજાશે. આ જ્ઞાનસત્રમાં સાહિત્ય, જયોતિષશાસ્ત્ર, ચિત્રકલા, ફોટોગ્રાફી તથા અભિનય ક્ષેત્રે વાર્તાલાપો યોજાશે. સમાજના સર્જકો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના કન્વીનર રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા મા ઉમિયાજીના ૧૩મા પાટોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા મા ઉમિયાજીનો ૧૩મા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. આ પાટોત્સવ દરમિયાન નવચંડી યજ્ઞ, પૂજાવિધિ, ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. નવચંડી યજ્ઞના આચાર્યપદે પડુસ્માના શાસ્ત્રીજી જીતેન્દ્રભાઈ તથા નવ યજમાનો દ્વારા મા ઉમિયા, ભગવાન શિવજી અને રાધાકૃષ્ણની પૂજાવિધિ કરવામાં આવી હતી ત્યારબાદ ત્રણે મંદિરોના યજમાનો દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઉમિયા માતાજીના પાટોત્સવની આ ઉજવણીમાં ૩૫૦૦થી વધુ ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે કડવા પાટીદાર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલ, ચેરમેન હસમુખભાઈ અને ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, ખજાનચી ગણેશભાઈ પટેલ, સહમંત્રી મહેન્દ્રભાઈ પટેલ અને દિલીપભાઈ પટેલ, ડાહ્યાભાઈ વાછાણી તથા ટેમ્પલ કમિટીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# શહેરના સેકટર- ૨૯ માં રખડતા કુતરાઓનો ત્રાસ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં રખડતા કુતરાઓનો ત્રાસ દિનપ્રતિદિન વધી જવા પામ્યો છે.ત્યારે શહેરના સેકટર-૨૯ માં ચ-૭ તરફ આવેલા ખાનગી રહેણાંક વિસ્તારમાં કુતરાએ બે દિવસમાં બે વસાહતીઓને બચકા ભર્યાના બનાવ પ્રકાશમાં આવ્યા છે. રખડતા કુતરાના ત્રાસથી વસાહતીઓ ઘરમાં પુરાઈ રહે છે. આ અંગે વસાહતીઓ દ્વારા મનપામાં અનેકવાર લેખીત તેમજ મૌખીક રજુઆત કરવામાં આવી છે. છતા પણ તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય ના આવતા રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે.



ગાંધીનગર ગ્રીનસીટીમાં વસવાટ કરતા દરેક નગરજનને સ્પર્શતો પ્રશ્ન શહેરમાં રખડતા પશુઓનો છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં આ અંગે ટીમ પણ તૈયાર કરાઈ છે છતા પણ કોઈ યોગ્ય ઉકેલ આવતો નથી. શહેરી વિસ્તારમાં ઠેરઠેર નીલગાય, ગાય, ભેંસ તેમજ રખડતા કુતરા ઘરમાં ડોકીયા કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ત્યારે આ કુતરાઓના ત્રાસથી સેકટર- ૨૯ ના વસાહતીઓનું ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની જવા પામ્યું છે. સેકટર -૨૯માં ચ-૭ તરફ આવેલા રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કુતરાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. ત્યારે છેલ્લા બે દિવસમાં એક કુતરાએ બે વસાહતીઓને નિશાન બનાવ્યા છે. જેમાં નાના બાળકનો પણ સમાવેશ થાય છે. માત્ર ભસતા કુતરા હવે બચકા ભરતા વસાહતીઓ હવે નાના બાળકોને ઘર આગળ રમવા જવા દેવા પણ તૈયાર નથી. બાળકો રમતા હોય ત્યાં સુધી ઘરના મોભીઓ તેમની સુરક્ષા માટે લાકડી લઈને બેસી રહેવુ પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. કુતરાઓના ભયથી વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં કુતરાઓના ત્રાસને લઈ વસાહતીઓએ અનેકવાર લેખીત તેમજ મૌખીક રજુઆત કરી છે. છતા પણ તંત્રના બહેરા કાને વસાહતીઓની રજુઆત સંભળાઈ નથી. તંત્ર દ્વારા સેકટરમાં રખડતા કુતરાઓના ત્રાસથી વસાહતીઓને મુકત કરાવાય તેવું ઈચ્છી રહ્યા છે. પરંતુ તંત્રની ઢીલી નિતિને પગલે કયાંક વસાહતીઓમાં રોષની લાગણી પણ પ્રસરી જવા પામી છે.

## વાતવાતમાં

● ધોરણ-૧૦ના બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલી પરોઢથી જ જાહેર થઈ જતા વિદ્યાર્થીઓએ "ઓનલાઈન" મેળવી લીધુ હતુ. ઓનલાઈન પરિણામના કારણે કોઈ વિદ્યાર્થીને શાળામાં પરિણામ જાણવા જવાની જરૂર જ નહોતી પડી.

● બોર્ડની પરીક્ષાના પરિણામને કારણે "કહી ખુશી કહી ગમ"નો માહોલ છવાયો હતો. સારૂ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના વાલીઓ મિઠાઈ ખરીદવા દોડ્યા હતા તો અપેક્ષિત પરિણામ ના મળતા અનેક વિદ્યાર્થીઓના ઘરમાં નિરાશાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

● સરકારી શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધાના ઠેકાણા ના હોવાથી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાણવામાં તકલીફ પડી હતી. મોટાભાગની સરકારી માધ્યમિક શાળાના કલાર્ક અથવા આચાર્ય વિદ્યાર્થીઓનું લીસ્ટ લઈ પરિણામ જાણવા સાયબર કાફેમાં ગયા હતા.

● શહેરમાં પ્રિપ્રાયમરી સ્કૂલો તા. ૨જી જૂનથી પ્રારંભ થઈ રહી છે. આ શાળાના બાળકોના વાલીઓ તેમના ભૂલકાંઓ માટે સ્કૂલ ડ્રેસ, દફતર, પુસ્તકો વગેરેની ખરીદી દ્વારા તૈયારીઓ કરવામાં વ્યસ્ત બન્યા છે.

● અડાલજ પોલીસ સ્ટેશને બે-ત્રણ માસ જુના કેસના સાક્ષીને કાર્યવાહી માટે બોલાવાયો ત્યારે વાત કરતા અચાનક તેનુ બીપી લૉ થઈ જતા તેનુ માથુ પીઆઈના ટેબલ પર પછડાયું હતુ જેથી ટેબલનો કાચ તુટી ગયો હતો. જો કે અંતે તેણે તે બાબતે માફી પત્ર લખી દીધુ હતુ પરંતુ આમ માત્ર માથુ પછડાવાથી ટેબલનો કાચ તુટી જાય તે બાબત અંગે અનેક તર્કવિતર્ક ચાલી રહ્યાં છે.

## ઈન્ટરનેટ બંધ હોવાથી ધો.૧૦નું પરિણામ જાણી શકાયું નહી...!!!

**ડિઝીટલ ઈન્ડિયાના યુગમાં વિકસિત ગુજરાતના પાટનગરની સે. ૨૭ માધ્યમિક શાળામાં છેલ્લા દસેક માસથી બ્રોડ બેન્ડ સેવા બંધ છે : અસંખ્ય ફરિયાદો કરવા છતાં બીએસએનએલના પેટનું પાણી હાલતું નથી**

ગાંધીનગર, તા. ૨૪

સેક્ટર-૨૭માં મહારાણા પ્રતાપ સરકારી માધ્યમિક શાળા ખાતે ધોરણ-૧૦નું બોર્ડની પરીક્ષાનું પરિણામ નહોતુ જાણી શકાયુ કારણ કે આ શાળામાં છેલ્લા દસેક માસથી બીએસએનએલ લેન્ડલાઈન 'ડેડ' છે. આ લેન્ડલાઈન 'ડેડ' હોવાને કારણે અંહી શાળામાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સુવિધા પણ બંધ છે. જેના કારણે શાળામાં "ઓનલાઈન" પરિણામ મેળવી શકાયુંનથી. ડિઝીટલ ઈન્ડિયાના યુગમાં વિકસિત ગુજરાતના પાટનગરની શાળામાં.

છેલ્લા દસેક મહિનાથી બીએસએનએલ લેન્ડલાઈન ફોન તથા બ્રોડબેન્ડ બંધ હોવાની ફરિયાદ શાળાના સંચાલકોએ અસંખ્યવાર કરી હોવા છતાં તંત્ર દ્વારા તેનો કોઈ જ નિવેડો આવ્યો નથી. શાળામાં અત્યારે બે એક માસથી મીનાબેન ધાંધાને આચાર્યાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. અગાઉ અહીં નિલ્પાબેન પટેલ આચાર્યા પદે હતા તેમણે પણ જુના સચિવાલય બ્લોક નં. ૬ ખાતે બીએસએનએલની ઓફીસે અઢળકવાર લેખિખ તથા રૂબરૂ જઈને મૌખિક ફરિયાદો કરી હતી. મીનાબેન ધાંધાએ પણ ચાર્જ સંભાળ્યા પછી અનેકવાર ફરિયાદ કરી હોવાનું જણાવ્યું હતું. આમ છતાં બીએસએનએલ દ્વારા કેબલ ફોલ્ટ છે કહીને ટુંક સમયમાં થઈ જશે તેવી હૈયાધારણ અપાય છે પરંતુ આ મુશ્કેલી હજુ યથાવત છે. ડીઝીટલ ઈન્ડિયાના યુગમાં પણ પાટનગરની સરકારી માધ્યમિક શાળા આજે બોર્ડનું પરિણામ જાણવાથી વંચિત રહી જાય તે કમનસીબી નહી તો બીજુ શુ?

## સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાના બહાને છેતરપીંડી

ત્રણ મિત્રોને એક મહિલા સહિત બે શખ્સોએ મળીને રૂ.૩.૮૦ લાખનો ચુનો લગાવ્યો : દિલાસો આપવા સચિવાલયના દરવાજે લાવી ત્રણેયને બહાર ઊભા રાખવામાં આવતા હતા ને ત્યારબાદ ટૂંક સમયમાં કામ થઈ જશે તેમ કહેવાયુ હતું

ગાંધીનગર,તા.૨૪

અમદાવાદના ત્રણ યુવાન મિત્રોને સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાના બહાને એક મહિલા સહિત બે શખ્સોએ મળીને રૂા. ૩.૮૦ લાખનો ચુનો લગાવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. લેભાગુ તત્ત્વોની મોડસ ઓપરેન્ડી મુજબ જ આ બંને શખ્સોની મોડસ ઓપરન્ડી હતી. ઉમેદવારોને દિલાસો આપવા છેક સચિવાલય લઈ આવતાં હતાં અને તેમને બહાર ઊભા રાખી પોતે અંદર જતાં હતા. થોડી વાર રહીને બહાર આવી કામ જલ્દી થઈ જશે તેમ કહી સાંત્વના આપતા હતા. હજુ સુધી યુવાનોને નોકરી ન મળતા પોલીસ ફરિયાદ થવા પામી હતી.

ગોમતીપુરનો યુવાન મોહસીન હુસેન રાઠોડ તથા તેના બે મિત્રો ધર્મેશ જાની અને અશ્વિન બિહોલા ત્રણેય એક મહિલા કાલજ જે પટેલના સંપર્કમાં આવ્યા હતા. તેણીએ વાતોમાં લઈને સરકારી નોકરીની ઓફર કરી પોતાની ઑફિસ 'આર.ટી.આઈ. મિશન ગુજરાત અપના કાનૂન' પર આવવા જણાવ્યું...! ઉમેદવારો સચિવાલયમાં કલાર્ક બનવા માંગતા હોવાનું કહેવા તથા મિટિંગ કરવા તે ઑફિસ ગયા અને ત્યા કાજલ અને તેનો સાગરીત જયેન્દ્ર વ્યાસ બેઠા હતા. મીટીંગ કરીને રૂા. ૩ લાખમાં નોકરી, તેમાંથી અડધી રકમ એડવાન્સ અને અડધી ઓર્ડર મળે પડી તેમ નક્કી થયું. તબક્કાવાર ત્રણેયે રૂપિયા આપ્યા અને આજ દિન સુધી રૂા. ૩.૮૦ લાક જમા કરાવ્યા હોવા છતાં નોકરીના ઓર્ડર ન આવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ત્રણેય ઉમેદવારોને પાંચથી સાત વાર કિંજલ સચિવાલય લઈ ગઈ હોવાનું પણ જણાવ્યું હતું પરંતુ ઓફિસમાં કિંજલ એકલી જતી અને બહાર આવી ટૂંક સમયમાં કામ થઈ જશે તેવું સાહેબે કહ્યું હોવાનું જણાવી છેતરતી હતી. આ મામલે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો.

## કેનાલમાં આપઘાત કરવા આવેલા વિદ્યાર્થી અને મહિલાને બચાવી લેવાયા

ગાંધીનગર, તા. ૨૪

સુરક્ષા સેતુ અન્વયે આત્મહત્યા નિવારણ અને માનસિક તણાવ દૂર કરવા માટે કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈન દ્વારા આજે બોર્ડના પરીણામને પગલે ખાસ તકેદારીના ભાગરૂપે નર્મદા કેનાલના સ્યુસાઈડ પોઈન્ટસ પર ટુકડીઓ ગોઠવવામાં આવી હતી. જિલ્લા પોલીસ, સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકો તથા કેનાલ સિક્યુરીટી ગાર્ડની ટુકડીઓ દિવસભર ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી કેનાલના સંવેદનશીલ ગણાતા પોઈન્ટો ઝુંડાલ, સુઘડ, કરાઈ અને નભોઈ કેનાલ પાસે તૈનાત કરાઈ હતી. દરમિયાન સુઘડ કેનાલમાં આપઘાત કરવા આવેલી એક મહિલા તથા નભોઈ કેનાલમાં પડતુ મુકવા પહોંચેલા એક વિદ્યાર્થીને આ ટુકડીઓએ બચાવી લઈ વાલીઓને બોલાવી કાઉન્સેલીંગ કરાવ્યું હતું. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના માર્ગદર્શન હેઠળ સુરક્ષા સેતુ પ્રોજેક્ટના લાયોઝન ઓફીસર તથા પી.આઈ. પી.સી. વલેરાએ આ આગોતરી તૈયારી કરી ટીમો તૈનાત કરાવી હતી. નોંધનીય છે કે આ તકેદારીના લેવાયેલા પગલાથી એક વિદ્યાર્થી અને એક મહિલાની જીંદગી બચવા પામી છે.

## પેથાપુર પોલીસે ટીંટોડામાં દરોડો પાડી રૂા. ૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ટીંટોડાના કરશનપુરામાં જુગાર રમાતો હતો : પાંચની ધરપકડ

પેથાપુર પોલીસે બાતમીના આધારે ગત સાંજે ટીંટોડા ગામના કરશનપુરા વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગાર અંગે માહિતી મળતા પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને રૂ.૪૧૦ રોકડા સહિત કુલ રૂ.૫૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. જયંતી આલુ ઠાકોર, રણજીત મણા ઠાકોર, અમરત છના ઠાકોર, અરવિંદ રમણા ઠાકોર અને પ્રવિણ સુરસંગ ઠાકોર મળી પાંચેયની ધરપકડ કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોલવડામાં જુગાર રમતાં પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

કોલવડા ગામના પૂર્વ સરપંચ પોતાના મકાનમાં જુગાર રમવાનાં શોખીનોને બોલાવીને જુગાર રમાડતા હોવાની બાતમી ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમને મળતા ટીમે ગત મોડી સાંજે દરોડો પાણી પૂર્વ સંરપંચ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. પોલીસ રોકડ રૂ.૧૭૨૬૦ તથા મોબાઈલ મળીને કુલ રૂ. ૨૩,૨૬૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

જિલ્લા પોલીસ અધીક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમ દારૂ-જુગારની બદીને નિયંત્રિત કરવા સક્રિય થઈ છે ત્યારે ગઈ મોડી સાંજે એસ.ઓ.જી. પી.એસ.આઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમ કચેરીમાં હતા ત્યારે ખાનગી બાતમી મળી હતી કે કોલવડા ગામમાં વિસઘરવાસમાં રહેતા પૂર્વ સરપંચ પોપટજી રજુજી વાઘેલા પોતાના મકાનમાં જુગાર રમાડે છે. જેને આધારે દરોડો પાડી પોપટજી રજુજી વાઘેલા, સે-૨૪ ઠાપરામાં રહેતા ચેલાજી પોપટજી, ઠાકોર, કોલરવડા મહાદેવવાળા વાસમાં રહેતા ગંભીરભાઈ અમૃતભાઈ ગઢવી, રતનસિંહ રજુજી વાઘેલા અને ભુપતજી અણદાજી વાઘેલા મળી પાંચ શખ્સોને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા.

તેમની પાસેથી રૂા.૧૭,૨૬૦ રોકડા તથા ૬ હજારની કિંમતના ૩ મોબાઈલ અને પાના પત્તા મળી કુલ રૂા. ૨૩,૨૬૦ નો મુદ્દામાલ એસઓજીની ટીમે જપ્તકરી પાંચેયની ધરપકડ કરી પેથાપુર પોલીસ મથકમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

## કલ્પતરૂના ડિરેક્ટર ડી.બી. પટેલના હસ્તે મારૂતી વિટારા બ્રિઝા કારનું અનાવરણ



ગાંધીનગર, તા. ૨૪

મારૂતિ સુઝુકી વિટારા બ્રિઝાથી પ્રથમવાર સબ-કોમ્પેક્ટ એસયુવી સેગમેન્ટમાં આવી રહી છે. આઈ.પી.એલ.ની દરેક મેચમાં જેની ધૂમ ધડાકાભેર જાહેરાત થઈ રહી છે એ વિટારા બ્રિઝા કાર આજે નંદા ઓટોમોબાઈલ શૉ રૂમમાં ટેસ્ટડ્રાઈવ માટે આવી પહોંચી છે.

કોર્પોરેટ જગતમાં આગવું નામ ધરાવતી કલ્પતરૂ કંપનીના ડિરેક્ટર ઓપરેશન ડી.બી. પટેલના હસ્તે ગાંધીનગરની પ્રથમ વિટારા બ્રિઝા કારનું અનાવરણ કલ્પતરૂ કંપની ખાતે કરવામાં આવ્યું.

મારૂતિ વિટારા બ્રિઝાની માહિતી આપતાં કોર્પોરેટ મેનેજર ફિરોઝ રાઠોડે જણાવ્યું કે કે બ્રિઝા એસયુવી સેગમેન્ટમાં સૌથી વધુ વેચાતી કાર સાબીત થઈ રહી છે.

નંદાના જનરલ મેનેજર અરવિંદ દવેએ કહ્યું કે ભારતીયોની પ્રથમ પસંદગી મારૂતિ કાર છે, ૧.૩ લિટરનું ડિઝલ એન્જિન ધરાવતી કારમાં ૨૪ કિમી. એવરેજ મળશે. કંપની આ કાર સાથે સ્પેશિયલ એસેસરી અને ડ્યુલ કલરનો ઓપ્શન આપશે. ગાંધીનગરમાં આ કારને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો છે, એવું તેમણે કહ્યું હતું. આ પ્રસંગે કંપનીના ડી.એસ. ગાંધી, ધર્મેશ મહંત સહિત અનેક અધિકારી અને સ્ટાફ હાજર રહ્યો હતો. આકર્ષક બ્રિઝા કાર એના લુક, સ્પેસિફિકેશન અને કિંમતને કારણે આગવું માર્કેટ સર કરશે એવું લાગી રહ્યું છે.

# આજથી નિફ્ટના વિદ્યાર્થીઓનું પ્રોજેક્ટ શો-કેસ "ટેકનોવા-૨૦૧૬"

ગ્રેજ્યુએશન-પોસ્ટ ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ અવનવી પ્રોડક્ટસ રજૂ કરાઈ : આજે નિફ્ટ ખાતે ફેશન-શો યોજાશે : શુક્રવારે પદવીદાન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી નિફ્ટ કોલેજ ખાતે ગ્રેજ્યુએશન પ્રોજેક્ટસનું શૉ-કેસ "ટેકનોવા-૨૦૧૬"નું આયોજન કરાયું હતું. આ શૉ-કેસમાં નિફ્ટના બે અતિ મહત્વના વિભાગો ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ફેશન ટેકનોલોજીના ગ્રેજ્યુએશન પૂર્ણ કરી રહેલા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ અવનવા પ્રોજેક્ટસ રજૂ કરાયા હતા.



નિફ્ટની વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ની ગ્રેજ્યુએશન બેચના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા ત્રણ માસની મહેનતના અંતે પ્રોજેક્ટસ તૈયાર કરાયા હતા. જેને જોઈ તેમની મહેનત તથા લગન સાથે સાથે નવીન વિચારસરણીની ઝલક ઉડીને આંખે વળગતી હતી. વિદ્યાર્થીઓએ તેમની વિચારશક્તિ તથા સંશોધનાત્મક કૌશલ્યના આધારે કેટલીક અત્યંત નાવીનન્યપૂર્ણ પ્રોડક્ટ્સ રજૂ કરી હતી. જેમાં રીવર્સેબલ ડેનિમ, ડીપ પ્રેશર થેરેપીથી વિકસાવાયેલ કાપડના વસ્ત્રો, લેપટોપ માટેની બેકપેક બેગ્સની અવનવી ડિઝાઈનો ઉપરાંત સ્ટ્રીમલાઈન ડીઝાઈન, મેટેરનીટીવેરમાં ડિઝાઈન રેન્જ, વર્ચ્યુઅલ ટેક ગાઈડ, મોબાઈલ એપ્લિકેશન ફોર પ્રિ.પ્રોડેક્શન એક્ટિવિટી, ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ માટે કટિંગ વિભાગની એડવાન્સ આઈ ટેકનોલોજી તથા ભારતીય પુરૂષો માટે ટ્રાઉઝર્સ બાબતે એન્થ્રોપોમેટ્રિક સ્ટડી વગેરેનો સમાવેશ થાય છે.

આ સાથે નિફ્ટની વર્ષ-૨૦૧૪-૧૬ની માસ્ટર ગ્રેજ્યુએશન બેચના વિદ્યાર્થીઓનું શૉ-કેસ "એસ્પિરેશન્સ" પણ યોજાયું હતું. માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝના વિદ્યાર્થીઓએ માર્કેટીંગ, મર્ચન્ડાઈઝીંગ, ઈનોવેશન્સ વગેરે વિભાગોને તેમના બીઝનેસ પ્રેક્ટિકલ્સ વડે ઉજાગર કર્યા હતા. આ સાથે "ટેકનો-ટોક્સ'. શો-કેસમાં પોસ્ટ ગેજ્યુએટ બેચના માસ્ટર ઓફ ફેશન ટેકનોલોજી વિભાગના વિદ્યાર્થીઓનો ગ્રેજ્યુએશન શૉ પણ યોજાયો હતો. તેમણે કરણ જૈન દ્વારા ફિનિસીંગ રૂમ ઓપરેટર્સ માટેના હેન્ડગ્લોવ્ઝ અને નાગરાજ રાયચંદ્ર દ્વારા સિંઈગ ફ્લોર બાબતે પ્રોસેસ ઈમ્પ્રુવમેન્ટ અંગે રજૂ કરેલા પ્રોજેક્ટ્સને સારો આવકાર પ્રાપ્ત થયો હતો. તમામ સંશોધનાત્મક પ્રોજેકટસને ક્વોલીટી સીસ્ટમ ઈમ્પ્લિમેન્ટેશનથી લઈને કટિંગ રૂમ એફિસિયન્સી સુધીના તમામ ક્ષેત્રોને આવરી લેવાયા હતા.

## એક જ કાપડથી બનેલ બંને તરફ પહેરી શકાય તેવુ જીન્સ



નિફ્ટની કચ્છી વિદ્યાર્થીની રાજવી ઠાકર તથા સમરા નાસીર જેઓ ફેશન ટેકનોલોજીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. તેમણે જીન્સ માટે "રીવર્સેબલ ડેનિમ"નો અનોખો પ્રોજેકટસ રજૂ કર્યો છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તેમાં ફાસ્ટ ફેશન તથા ટકાઉપમા બંને બાબતોને સાંકળી લેવાઈ છે. તેમણે માત્ર એક જ ફેબ્રિકના ઉપયોગથી બંને તરફ પહેરી શકાય તેવુ ડેનિમ તૈયાર કર્યું છે. વળી, આ ડેનિમની ખાસિયત એ છે કે તે એક તરફ ફોર્મલ અને બીજી તરફ કેઝ્યુઅલ છે જેથી એક તરફ તે પ્લેન અને બીજી તરફથી પ્રિન્ટેડ હોય છે. આમ છતાં બંને ડિઝાઈન બીજી તરફની સાઈડને નુકશાન કરતી નથી. આ પ્રકારના ડેનિમ તેમણે અલગ અલગ કાપડની વેરાયટીમાં તૈયાર કર્યા છે. અને તેઓ તેમનો પ્રોજેક્ટસની પેટન્ટ પણ કરાવવાની તૈયારીઓ કરી લીધી છે.

## ટેકટાઈલ ડિફેન્સિવનેસથી પીડાતા બાળકો માટે ડીપ પ્રેશર થેરેપી વસ્ત્રો



ટેકટાઈલ ડિફેન્સિવનેસથી પીડાતા ઑટિસ્ટિક બાળકો માટે સાક્ષી મેન્હોતે ડીપ પ્રેશર થેરેપી દ્વારા તૈયાર કરાયેલ વસ્ત્રો બનાવ્યા છે. આ બાળકો વસ્ત્રોના કારણે વ્યથિત થાય છે. અને ચિત્ર વિચિત્ર વર્તન કરે છે, આકુળવ્યાકુળ રહે છે. સાક્ષીનો દાવો છે કે તેણે તૈયાર કરેલ વસ્ત્રોમાં બાળકના કુલ વજનના ૫ ટકા જેટલુ વજન ઉમેરવામાં આવ્યું છે. જેનાથી આ બાળકોને પ્રેશર થેરેપીનો લાભ મળે છે અને તેમની નસો દ્વારા પોઝીટીવ ઉર્જા શરીરમાં વ્યાપ્ત થાય છે જેથી તેમનું મન શાંત થાય છે. વળી, આ વસ્ત્રો તમામ પ્રકારના ફેબ્રિકથી બની શકે છે.

## વી ઈલેવન પરિવાર દ્વારા સન્માન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

વી ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા પરિવારના તેજસ્વી તારલાઓને સન્માનવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. પરિવારના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૧૪-૧૫ અને ૧૫-૧૬ના વર્ષ દરમિયાન ધો-૧૦ અને ધો-૧૨માં ગ્રેડ-એ પર્સનટાઈલ મેળવેલ હોય તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષા એ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓએ પોતાની વિગતો સાથે સંસ્થાના પ્રમુખ તેમજ મંત્રીના નિવાસ સ્થાને અથવા સેકટરના પ્રતિનિધિને મોડામાં મોડા આગામી તા.૩ જૂન સુધીમાં મોકલી આપવા મહામંત્રી એચ.જે. રાઠોડે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન રમણભાઈ નાયક, ઉ.વ.૭૦
- સ્વ. પ્રતાપજી બેચરજી ઠાકોર, ઉ.વ.૮૦
- સ્વ. વાઘેલા નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ, ઉ.વ.૫૫
- સ્વ. મણીબેન બાબુભાઈ ઠાકોર, ઉ.વ.૫૫
- સ્વ. રેવાબેન વિરમજી ઠાકોર, ઉ.વ.૯૦